# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 31-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : ગુરુવાર નેશનલ સમાચાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ગુજરાતના કેવડિયા ખાતે સંબોધન કરતાં દેશની અખંડિતતાને તોડવાને પ્રયાસ કરનારા તત્વોથી સાવધ રહેવા દેશવાસીઓને ચેતવ્યા

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બોટાદના પ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરમાં અત્યાધુનિક યાત્રી ભવનનું ઉદ્ઘાટન કર્યું

3) કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક વર્ષ 2024 માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 463 કર્મચારીઓને એનાયત કરાયા

4) દેશભરમાં આજે દિવાળીની ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે.

5) અલ્બેનિયામાં રમાઈ રહેલી કુસ્તી સ્પર્ધામાં માનસી અહલાવતે કાંસ્ય ચંદ્રક જીત્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PM EKTA DIWAS*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકતાની ભાવના પર ભાર મૂકતા દેશની અખંડિતતાને તોડવાનો પ્રયાસ કરાનારા તત્વોથી સચેત રહેવા દેશવાસીઓને ચેતવ્યા

છે. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે આજે ગુજરાતમાં કેવડિયાના એકતાનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આગામી 25 વર્ષ દરમિયાન વિકસિત ભારતના લક્ષ્યાંકને હાંસલ કરવા રાષ્ટ્રીય એકતાની ભાવના નિર્ણાયક છે. તેમણે કહ્યું કે, છેલ્લા દસ વર્ષો દરમિયાન તેમની સરકાર પોતાની તમામ નીતિઓ અને નિર્ણયોમાં એક રાષ્ટ્રની ભાવનાને સતત મજબૂત કરી રહી છે.

(ઓડિયો – પ્રધાનમંત્રી વન નેશન)

રાષ્ટ્રીય એકતા પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું કે, દેશ સામે ઘણા પડકારો છે જે રાષ્ટ્રની એકતા અને સુરક્ષા માટે જોખમી છે. અર્બન નક્સલીઓના રૂપમાં લોકોનો એક વર્ગ છે, જે સમુદાય, જાતિ અને ધાર્મિક વડાઓ સાથે રાષ્ટ્રીય એકતાને ખંડિત કરવાનું લક્ષ્ય રાખે છે.

(ઑડિયો- પ્રધાનમંત્રી એકતા)

## *PREZ VP PATEL*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે નવી દિલ્હીના પટેલ ચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું કે, 'સરદાર પટેલ એક મહાન દેશભક્ત અને અગ્રણી રાષ્ટ્રનિર્માતા હતા.'

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, 'સરદાર પટેલનું એક મજબૂત અને અખંડ ભારતનું સપનું લોકોને સદભાવ, વિશિષ્ટતા અને રાષ્ટ્રીય ગૌરવને વધારવા માટે પ્રેરણા આપે છે.' રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ઉપ-રાષ્ટ્રપતિએ તમામ લોકોને સરદાર પટેલના એકતાના વારસાને જાળવી રાખવાનો સંકલ્પ લેવાનો પણ આગ્રહ કર્યો હતો.

સંવિધાન સદનનાં સેન્ટ્રલ હોલમાં સંસદસભ્યો, ભૂતપૂર્વ સંસદસભ્યો અને અન્ય મહાનુભાવોએ પણ શ્રી પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપી હતી.

## *PM RAIGAD FORT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાયગઢ કિલ્લાને છત્રપતિ શિવાજી મહારાજની અદભૂત વારસો, વ્યૂહાત્મક પ્રતિભા અને નેતૃત્વ તરીકે બિરદાવ્યું હતું. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, રાયગઢ છત્રપતિ શિવાજી મહારાજની મહાનતા અને બહાદુરીનું ઉદાહરણ આપે છે. તે હિંમત અને નિર્ભયતાનો પર્યાય છે.

પ્રધાનમંત્રીએ આ વર્ષના રાષ્ટ્રીય એકતા દિવસ કાર્યક્રમની થીમ તરીકે રાયગઢને પસંદ કરવા બદલ પણ ખુશી વ્યક્ત કરી હતી.

## *INDIRA GANDHI DEATH ANNIVERSARY*

દેશનાં પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીની આજે પુણ્યતિથિ છે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પક્ષના અન્ય વરિષ્ઠ નેતાઓએ દિલ્હીના શક્તિ સ્થળ પર ઈન્દિરા

ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. જ્યારે ઈન્દિરા ગાંધી સ્મારક પર એક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો.

કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પણ ઈન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં સોશિયલ મીડિયાના એક સંદેશમાં લખ્યું કે, ઈન્દિરા ગાંધીએ દેશની એકતા અને અખંડિતતાને જાળવી રાખવા તેમજ મજબૂત અને પ્રગતિશીલ ભારતના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## *AMIT SHAH GUJARAT _ UPDATED*

ગુજરાતના બે દિવસીય પ્રવાસે પહોંચેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બોટાદના સાળંગપુરમાં પ્રસિદ્ધ કષ્ટભંજન હનુમાન મંદિર પરિસરમાં શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું ઉદ્ઘાટન કર્યું. 200 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર આ ભવનમાં અત્યાધુનિક સુવિધાઓ સાથેના અગિયારસો જેટલા કક્ષ છે.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી શાહે હનુમાનજીને આદર્શ ભક્ત, આદર્શ યોદ્ધા, આદર્શ દૂત, આદર્શ જ્ઞાની ગણાવતા સાળંગપુર સ્થાનને સામાન્ય નાગરિકો માટે પ્રેરણારૂપ સ્થાન ગણાવ્યું. શ્રી શાહ કાળીચૌદશ નિમિત્તે આયોજીત મારૂતિયજ્ઞમાં ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી આવતીકાલે અમદાવાદના પિરાણા વેસ્ટ ડમ્પિંગ સાઈટ ખાતે રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરશે. 375 કરોડ

રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ પ્લાન્ટમાંથી દરરોજ એક હજાર મેટ્રિક ટન કચરામાંથી 15 મેગાવૉટ ઊર્જા ઉત્પન્ન કરાશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## *GRIHMANTRI AWARD*

કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક વર્ષ 2024 માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 463 કર્મચારીઓને એનાયત કરાયા છે. જેમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને કેન્દ્રીય પોલીસ સંગઠનોના કર્મચારીઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

આ ચંદ્રક ઉત્તમ કાર્યને બિરદાવવા, ઉચ્ચ વ્યાવસાયિક ધોરણોને પ્રોત્સાહિત કરવા અને મનોબળને મજબૂત બનાવવા માટે અપાય છે.

આ વર્ષે પહેલી ફેબ્રુઆરીએ ગૃહ મંત્રાલય દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદકની જાહેરાત કરવામાં આવી હતી. મંત્રાલયે કહ્યું કે, દર વર્ષે 31 ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના અવસરે આ ચંદ્રક માટેની જાહેરાત કરાશે.

આ પુરસ્કાર પોલીસ દળો, સુરક્ષા સંગઠન, ઈન્ટેલિજન્સ વિંગ, નેશનલ સિક્યોરિટી ગાર્ડના સભ્યોને ઓપરેશન્સમાં શ્રેષ્ઠતા, અસાધારણ કામગીરી, અદમ્ય અને હિંમતવાન ગુપ્તચર સેવાને ધ્યાનમાં રાખીને એનાયત કરવામાં આવશે.

## *DIPAWALI*

દેશભરમાં આજે પ્રકાશપર્વ દિવાળીની પરંપરાગત ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આજનો તહેવાર અંધકારથી ઉજાસ તરફ અને અધર્મ ઉપર ધર્મના વિજય રૂપે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે લોકો ઘરો, મંદિરો અને અન્ય જાહેર સ્થળો ઉપર દીવા પ્રગટાવીને અને રંગોળી કરીને દેવી લક્ષ્મીની પૂજા કરે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દીવાળી નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ તેમના શુભેચ્છા સંદેશમાં આ શુભ અવસર પર આપણે આપણા અંતરાત્માને પ્રકાશિત કરવા જોઈએ, પ્રેમ અને કરુણાના ગુણો અપનાવવા જોઈએ અને સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવું જોઈએ તેમ કહ્યું છે.

ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું છે કે, આ તહેવાર અંધકાર પર પ્રકાશની જીત, નિરાશા પર આશા અને અજ્ઞાન પર જ્ઞાનનું પ્રતીક છે.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ આજના દિવસે તમામ નાગરિકો માટે સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ જીવનની કામના કરીને મા લક્ષ્મી અને ભગવાન શ્રી ગણેશના આશીર્વાદથી દરેક વ્યક્તિ વિકાસ પામે તેવી આશા વ્યક્ત કરી છે.

## *TAWANG- RAJNATH SINGH*

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ભારત અને ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા, LAC પરના કેટલાંક ક્ષેત્રોમાં મતભેદોને ઉકેલવા માટે રાજદ્વારી અને સૈન્ય એમ બંને સ્તરે વાતચીત કરી રહ્યા છે. જેને પરિણામે, સમાન અને પરસ્પર સુરક્ષાના આધારે વ્યાપક સર્વસંમતિ વિકસાવવામાં આવી છે.

શ્રી સિંહે આજે તવાંગ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા અને મેજર રાલેંગનાઓ 'બોબ' ખાથિંગ 'મ્યુઝિયમ ઑફ વેલોર'નું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યા બાદ આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે તવાંગમાં સરદાર પટેલની પ્રતિમા લોકોને એકતામાં રહેલી તાકાત અને ભારત જેવા વૈવિધ્યસભર રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે જરૂરી અતૂટ ભાવનાની યાદ અપાવશે. શ્રી સિંહે કહ્યું કે રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે ઉત્તર પૂર્વ વિસ્તાર સમૃદ્ધ થાય, અને સરકાર એવા ઉત્તર પૂર્વનું નિર્માણ કરશે જે માત્ર કુદરતી અને સાંસ્કૃતિક રીતે જ નહીં પરંતુ આર્થિક રીતે પણ મજબૂત અને સમૃદ્ધ હશે. સંરક્ષણ મંત્રી ખરાબ હવામાનને કારણે તવાંગ ન જઈશકતા તેમણે આસામના તેજપુરથી વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યું હતું.

## *REV. WORLD WRESTLING CHAMPIONSHIPS*

**અલ્બેનિયાના તિરાનામાં રમાઈ રહેલી કુસ્તીની વિશ્વ સ્પર્ધામાં ભારતનાં માનસી અહલાવતે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. મહિલાઓની 59 કિલો વજન વર્ગમાં માનસી અહલાવતે કેનેડાનાં ખેલાડીને 5-0 થી પરાજય આપ્યો હતો. જ્યારે આજે પુરુષોની ફ્રી-સ્ટાઈલ 92 કિલો વજન વર્ગમાં, ભારતના સંદીપ એસ માન સ્લોવાકિયાના ખેલાડી સામે રમશે.**

# *TENNIS BRATISLAVA OPEN*

ટેનિસમાં, ભારતના ઋત્વિક ચૌધરી બૉલ્લિપલ્લી અને અર્જૂન કાધે આજે સ્લૉવાકિયામાં યોજાનારી બ્રાતિસ્લાવા ઑપન સ્પર્ધામાં ભાગ લેશે. પુરુષ ડબલ્સ ક્વાર્ટર ફાઈનલમાં ભારતીય જોડીનો મુકાબલો નેદરલેન્ડના રૉબિન હાસે અને ઑસ્ટ્રેયાના લુકાસ મીડલરની જોડી સામે થશે.

આ પહેલા બૉલ્લિપલ્લી અને કાધેએ ભારતના જ જીવન નેદુનચેઝિયાન અને વિજય સુંદર પ્રશાંતની જોડીને પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં 6—4, 6—4થી પરાજય આપ્યો હતો. અન્ય એક ક્વાર્ટર ફાઈનલમાં, ભારતીય ખેલાડી એન. શ્રીરામ બાલાજી પોતાના અર્જેન્ટીનાના સાથી ગુઈડો આન્દ્રેઓઝીનો આજે સ્લૉવાકિયાનાલુકાસ પૉર્કૉની અને ચેકિયાના માઈકલ વ્રબેન્સ્કીની જોડી સાથે મુકાબલો થશે. ભારતીય-અર્જેન્ટીના જોડીએ મંગળવારે પ્રિ-ક્વાર્ટર ફાઈનલની મેચમાં નેદરલેન્ડના મૈટવે મિડેલકૂપ અને પૉર્ટુગલના ફ્રાન્સિસ્કો ક્રેબ્રાલને 6—3, 6—7, 10—6થી પરાજય આપ્યો હતો.